# Prime Minister’s participation in the 14th BRICS Summit

## 14માં બ્રિક્સ શિખર સંમેલનમાં વડાપ્રધાનની સહભાગીતા

21 જૂન, 2022

રાષ્ટ્રપતિ શી જીનપિંગનાં આમંત્રણ પર, 23-24 જૂન 2022 નાં રોજ વર્ચ્યુઅલ ફોર્મેટમાં ચીન દ્વારા યોજવામાં આવનાર 14માં બ્રિક્સ શિખર સંમેલનમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી હાજરી આપશે. તેમાં જૂન 24 નાં રોજ મહેમાન દેશો સાથે વૈશ્વિક વિકાસ પર ઉચ્ચ સ્તરીય સંવાદનો સમાવેશ થાય છે.

2. તમામ વિકાસશીલ દેશો માટે સામાન્ય ચિંતાનાં મુદ્દાઓ પર ચર્ચા કરવા અને વિચારણા કરવા માટે બ્રિક્સ એક મંચ બન્યું છે. બ્રિક્સ દેશોએ તેને વધારે પ્રતિનિધિત્વ ધરાવનાર અને સમાવેશક બનાવવા બહુપક્ષીય યંત્રણાનાં સુધારા માટે નિયમિત રીતે આહ્વાન કર્યું છે.

3. 14માં બ્રિક્સ શિખર સંમેલન દરમિયાનની ચર્ચાઓમાં આતંકવાદનો સામનો કરવો, વ્યાપાર, આરોગ્ય, પરંપરાગત ઔષધીઓ, પર્યાવરણ, S&T અને નવીનીકરણ, કૃષિ, તકનીકી અને વ્યાવસાયિક શિ7ણ અને તાલીમ અને MSMEs જેવા ક્ષેત્રોમાં આંતર-બ્રિક્સ સહકાર આવરી લે તેવી અપેક્ષા રાખવામાં આવે છે. બહુપક્ષીય યંત્રણાનાં સુધારા, કોવિડ-19 મહામારીનો સામનો કરવો અને વૈશ્વિક આર્થિક રીકવરી અને અન્ય બાબતો જેવા મુદ્દાઓ પર પણ ચર્ચાઓ કરવામાં આવશે.

4. શિખર સંમેલન પૂર્વે, રેકોર્ડ કરેલા પ્રેરક વક્તવ્ય દ્વારા વડાપ્રધાન 22 જૂન 2022 નાં રોજ બ્રિક્સ બિઝનેસ ફોરમનાં ઉદ્‌ઘાટન સમારોહમાં સહભાગી થશે.

**નવી દિલ્હી**
**21 જૂન 2022**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.